# વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ .........સબ ડિસ્ટ્રીક્ટ ........... - (          )ના તાલુકા.........ના ગામ મોજે ...........ની સીમના રેવન્યુ  સર્વે નંબર - ......... ની કુલ.......... ચો.મી. જમીનનો ટી.પી. સ્કીમ નંબર- ......... માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર -......... ની કુલ .........ચો.મી. ક્ષેત્રફળની બીનખેતીની જમીન ઉપર બંધાયેલ" ..........." ના નામે ઓળખાતી સ્કીમના બ્લોક નંબર - ...........માં  આવેલ ......... ફ્લોરના ફ્લેટ નંબર-..........ની આશરે....... ચો.મી. (કારપેટ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ રૂા. ............. અંકે રૂપીયા...:.....................પુરાનો.

Scanned by CamScanner

લખીઆપનાર :- ....................................

(PAN : )

એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી

તેના વહીવટકર્તા ભાગીદાર:-

પુખ્ત ઉંમરના, ધર્મે ..........,ધંધો.........,

રહેવાસી :.........................................

.......................................

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં અમો એક તરફવાળા અગર વેચાણ આપનાર એ રીતે સંબોધવામાં આવેલ છે જે શબ્દના અર્થમાં અમો એક તરફવાળા વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તાઓ, હોદેદારો, સભ્યો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

વેચાણલેનાર:-.......................................

(PAN : )

પુખ્ત ઉંમરના, ધર્મે ..........,ધંધો.........

રહેવાસી :...............................

.......................................

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં તમો બીજી તરફવાળા અગર વેચાણ લેનાર એ રીતે સંબોધવામાં આવેલ છે જે શબ્દના અર્થમાં તમો વેચાણ લેનાર તથા તમારા વંશ,

વાલી, વારસો, એકઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, એસાઈનીઓ, સક્સેસરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

Scanned by CamScanner

જત

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ..........ના સબ ડિસ્ટ્રીક્ટ ............- (           )ના ....... તાલુકાના ગામ મોજે ............ની સીમના રેવન્યુ સર્વે નંબર - ......... ની કુલ.......... ચો.મી. જમીનનો ટી.પી. સ્કીમ નંબર- ......... માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર - ......... ની કુલ .........ચો.મી. ક્ષેત્રફળની બીનખેતીની જમીન ઉપર બંધાયેલ" ......................" ના નામે ઓળખાતી સ્કીમના બ્લોક નંબર - ...... માં આવેલ ..... ફલોરના ફલેટ નંબર-..........ની આશરે....... ચો.મી. + ............ચો.મી. વોશ એરીયાની + ........... ચો.મી બાલ્કનીની એમ કુલ ............ચો.મી. એટલે કે ........... ચો.ફુટ કારપેટ એરીયા ધરાવતી બાંધકામવાળી મિલકત અમો *લખી આપનાર*ની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાની બોજા રહીત મિલકત છે આ મિલકત રેવન્યુ રેકર્ડમાં અમો *લખીઆપનાર*ના સ્વતંત્ર નામે માલિકી અને કબજા હકકે ચાલે છે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "સદરહું મિલકત" એ રીતે સંબોધવામાં આવેલ છે.

## જમીન ની હિસ્ટરી

ત્યારબાદ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના કેસ નંબર-............થી કેસ નંબર- ............તારીખ-.............ના રોજથી બી.યુ.પરમીશન આપવામાં આવેલ.

નીચે પરીશીષ્ટમાં જણાવેલ સદરહું મિલકત વેચાણ લેવા સારૂ તમો *વેચાણલેનાર*એ અમો *લખીઆપનાર*નો સંપર્ક કરેલો અને વાટાઘાટ બાદ સદરહું મિલકત અમો *લખીઆપનાર* એ અમો *વેચાણ લેનાર*ને કુલ રૂા.............અંકે રૂપીયા ........................પુરામાં વેચાણ આપવાનું નક્કી કરેલું છે. તે મૂજબ આજરોજ તમારી પાસેથી નીચેની વિગતે સદરહું મિલકતની વેચાણ કિંમત સ્વીકારી અમો આ વેચાણ દસ્તાવેજથી સદરહુ મિલકત તમોને કુલ અભરમ નદાવે અઘાટ વેચાણ આપીએ છીએ તથા સદરહું મિલકતનો શાંત ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો *લખીઆપનાર*એ તમો *વેચાણલેનાર*ને સોંપેલ છે. જે તમોએ સંભાળી લીધેલ છે.

**-:અવેજની વિગત:-**

રૂા. ......................અંકે રૂપીયા ................................................પુરા

............બેન્ક,...............શાખા...............અમદાવાદ ના

ચેકનંબર-................થી તારીખ ..............ના રોજથી તમો *વેચાણલેનાર* અમો *લખીઆપનાર*ને ચુકવી આપેલ છે.

| |
|---|
| રૂા.....................અંકે રૂપીયા...................................................પુરા |

એ રીતેના કુલ વેચાણ અવેજના રૂા............અંકે રૂપીયા ...................... પુરા તમો *વેચાણલેનાર*એ અમો *લખીઆપનાર*ને ચુકવ્યા છે, જે જમીન તથા બાંધકામની કુલ કિંમતના ચુક્તે અમોને પહોંચ્યા છે, જેની પહોંચ અમો *લખીઆપનાર* કબુલ કરીએ છીએ અને તમો *વેચાણલેનાર*નો તેની જવાબદારીમાંથી મુક્ત કરીએ છીએ અને તેના અવેજમાં મજકુર મિલકત જે નીચે પરીશીષ્ટમાં વિગતવાર વર્ણવેલી છે, તથા ઈઝમેન્ટથી પ્રાપ્ત થયેલા હકકો તથા તમામ કોમન સુવિધાઓમાંના વગર વહેંચાયેલા વપરાશી હકકો તથા કોમન પાર્કિંગ, લીફ્ટ, મર્જીનની જગ્યા તથા પાણી નો બોર વિગેરેના વપરાશી હકકો

Scanned by CamScanner

તથા મજકુર મિલકતોમાનાં હરેક પ્રકારના વપરાશી હક્ક, હિસ્સા, અલાખા, ઉપયોગ ઇત્યાદી સહિત વેચાણ આપનારે વેચાણ લેનારને વેચાણ આપી છે. સદરહું મિલકતનો આજરોજ પ્રત્યક્ષ કબજો તમોને સોંપી દીધેલો છે.

સદરહું સ્કીમના જવા-અવવાના રસ્તાઓ,કોમન પ્લોટ, કોમન સુવિધાઓ, પાણીનો અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવર હેડ ટાંકીઓ, પાણીની પાઇપ લાઇન, ગટર, સુએઝ, ઇલેકટ્રીક લાઇન, લીફ્ટ, ટી.વી. લાઇન, ગેસની લાઇન, ટેલીફોન લાઇન વિગેરે લાવવા લઇ જવાની વ્યવસ્થા, કોમન લાઇટો, કોમન પાર્કિંગ વિગેરે તથા માર્જીનની જગ્યા સાથે તમામ સુવિધાઓ વાપરવાનો હક્ક તથા સ્કીમની અન્ય સહ વપરાશની વસ્તુઓમાં વગર વહેંચાયેલો વરાડે પડતો હક્ક અમોને છે. અને આ તમામ હક્કો અમો *લખીઆપનાર*એ તમો *વેચાણલેનાર*ને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે.

હવેથી મજકુર પરીશીષ્ટમાં વર્ણવેલી મિલકત વેચાણ લેનાર ચાંદો, સુરજ તપે ત્યાં સુધીના માટે ભોગવે, વસે, વસાવે, વેચે, સાટે, ગીરો, બક્ષીસ આપે યા તમારૂ દિલ ચાહે તેમ કરવા હક્કદાર છો. તેમજ સદરહું મિલકતમાંથી જે કાંઈ રીધ્ધી સિધ્ધી ઉપલબ્ધ થાય તે વેચાણ લેનારના નસીબનું છે અને તેમાં વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તા, હોદેદારો, સભ્યો કે અમારા ,વંશ, વાલી, વારસો, ઈત્યાદીનો કોઈ હક્ક, દાવો, હિસ્સો નથી.

સદરહું મિલકતના અત્યાર સુધીના તમામ પ્રકારના વેરાઓ, સરકારી, અર્ધસરકારી જેવા કે ગવર્ન મેન્ટ ટેક્ષ, પંચાયત વેરો, લાઈટબીલ વગેરે તમામ વેચાણ આપનારે ભર્યા છે. હવે પછીના (વેચાણ દસ્તાવેજની તારીખ પછીના સમયનાં) આવા તમામ પ્રકારના ટેક્ષ,વેરાઓ તથા મેઇન્ટેનન્સ સોસાયટીના વહીવટી ખર્ચાઓ વિગેરે વેચાણ રાખનારે ભરવાના છે.

વેચાણ આપનાર વેચાણ લેનારને આથી વધુંમાં ખાત્રી અને બાંહેધરી આપે છે કે, નીચે પરીશીષ્ટમાં વર્ણવેલી મિલકત અંગેના અમારા રાઈટ્સ, ટાઇટલ્સ, ઈન્ટરેસ્ટ ચોખ્ખા અને માર્કેટેબલ છે તથા તેનો કોઈ પણ ભાગઆ અગાઉ અન્ય કોઈને ગીરો, વેચાણ, બક્ષીસ, કરાર, ગેરન્ટી, સ્યોરીટી, બાનાખત, બાનાચિઠ્ઠી કે ઈત્તર પ્રકારે લખી આપેલો કે એસાઇન કરેલા નથી. તેમજ બીજી કોઇ રીતે ટ્રાન્સફર કરેલ નથી. તેમજ સદરહું મિલકત અગર તેના કોઇ પણ ભાગ અગર કોઈનો લેણાનો કે કોઈપણ પ્રકારનો બોજો કે ચાર્જ નથી તેમજ સદરહું મિલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, હીત, હિસ્સો કે અલાખો નથી.

સદરહું સ્કીમના પ્લાન, એન.એ., ટાઇટલ્સ વિગેરે તમામ લિગલ ડેક્યુમેન્ટોની તમો *વેચાણલેનાર*એ ચકાસણી કરેલ છે. અને સ્કીમના તમામ લિગલ ડેક્યુમેન્ટોમાં તમો *વેચાણલેનાર* ને પુરાતો સંતોષ થયા બાદ સદરહુ મિલકત તમો *વેચાણલેનાર*એ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે.

સદરહુ મિલકતની સ્થળ, સ્થિતિ, બાંધકામની ગુણવત્તા, બાંધકામમાં વપરાયેલ મટીરીયલ્સ તથા બાંધકામના માપતાલની તમો *વેચાણલેનાર* એ સંપુર્ણ ચકાસણી કરી લીધેલ છે તેમાં તમો *વેચાણલેનાર*ને કોઈ વાંધો કે તકરાર નથી તથા સદરહુ મિલકતની તમો *વેચાણલેનાર*એ માપણી કરેલ છે. અને કારપેટ એરીયાના માપની ગણાતરી સમજીને તમો *વેચાણલેનાર*એ સદરહુ મિલકત આજરોજ આ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે.

સદરહુ સ્કીમમાં મુકાવામાં આવેલ આંતરીક રોડ, રસ્તા તથા કોમન પ્લોટ તથા કોમન વપરાશની કુલ જમીનમાં તમારો અન્ય સભાસદો સાથે સામુહિક રીતે વાપરવાનો હક્ક છે, આંતરીક રોડ, રસ્તા તથા કોમન પ્લોટ તથા કોમન વપરાશની કુલ જમીનની કકડાવાર વહેંચણી કરવાનો તમોને હક્ક નથી. તથા આંતરીક રોડ, રસ્તા તથા કોમન પ્લોટની જમીનમાં તમો *વેચાણલેનાર*એ કોઈપણ પ્રકારનું કાચું કે પાકું

Scanned by CamScanner

બાંધકામ કરવાનું નથી તેમજ સદરહુ સ્કીમમાં આવેલ તમામ મેમ્બરો, માલિકો, કબજેદારોના ઉપયોગ માટે પાણી નો બોર, પંપ, પાઇપ લાઈન તથા લીફ્ટ નાખવામાં આવેલ છે તથા કોમન વપરાશની જમીન તથા કોમન પાર્કિંગ ઉપર લાઈટ નાખવાંમાં આવેલ છે તથા જરૂર પડે ગાર્ડ, સીક્યોરીટી રાખવાના છે. આ તમામ કોમન એમીનીટીઝનો સહીયારો ઉપયોગ કરવાનો તમોને હક્ક આપવામાં આવ્યો છે, આ તમામના મેઈન્ટેનન્સ તથા કોમન ટેક્ષ માટે સર્વિસ સોસાયટીની રચના કરવામાં આવેલી છે અથવા કરવામાં આવશે તથા આ વેચાણ દસ્તાવેજથી તમો સદરહુ સોસાયટીના ફરજીયાત સભ્ય થયેલા ગણાશો તથા સોસાયટીના ઠરાવો તથા ધારા ધોરાણો, નિતીનિયમો, સુચનો પ્રમાણે વર્તન કરવું ફરજીયાત છે. આ તમામ મેઈન્ટેનન્સ માટે તમોએ વખતો વખત સોસાયટી જે નક્કી કરે તે કોમન ફાળો આપવો ફરજીયાત છે. જો તેમ કરવામાં તમો કસુર કરો તો સર્વિસ સોસાયટીના હોદેદારો તમારી પાસે તેવી મેઇન્ટેનન્સ ની રકમ વસુલ કરવા હક્કદાર રહેશે.

*અમો લખી આપનારે (૧) સ્કીમ માં ઉપયોગ માં લેવામાં આવતા યાંત્રિક સાધનો જેવા કે બોર, મોટર, પ્રેશર પંપ, ઇલેક્ટ્રીક ફીટીંગ સારી ગુણવત્તા વાળા આપેલ છે. જેની વખતો વખત જાળવણી અને મરમ્મત કરાવવી. (૨) દરેક બિલ્ડીગ માં સારી કંપની ની ઓટોમેટીક લિફ્ટ નાખેલી છે અને તેના લાઇસન્સ ની કોપી સર્વિસ સોસાયટી ને સોંપેલ છે. દરેલ લિફ્ટ નો મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટ દર વર્ષે તે કંપની ને આપી લિફ્ટ નું મેઇન્ટેનન્સ સારી રીતે કરાવવું તથા લિફ્ટ ના લાઇસન્સ ની સમય મર્યાદા પૂર્ણ થાય તે પહેલા લાઇસન્સ ને રીન્યુ કરાવવુ. (૩) દરેક બિલ્ડીગ માં ફાયર સેફ્ટી ની સુવિધા આપવામાં આવેલ છે અને અ.મ્યુ.કો દ્વારા ફાયર સેફ્ટી નુ લાઇસન્સ મેળવી ને સર્વિસ સોસાયટી ને સોંપેલ છે. ફાયર સેફ્ટી નુ લાઇસન્સ વખતો-વખત રીન્યુ કરાવવું તથાફાયર સેફ્ટી ના સાધનો ની જાળવણી તથા મેઇન્ટેનન્સ કરાવવાની આમ ઉપરોકત ૧, ૨ અને ૩ નંબર ની શરતો નું પાલન કરવાની જવાબદારી તમો વેચાણ રાખનાર ની સ્કીમ ના અન્ય સભ્યો સાથે તથા સર્વિસ સોસાયટી ની સંયુકત રહેશે. ઉપરોકત ત્રણેય બાબતો માટે ભવિષ્ય માં કોઇપણ યંત્ર ને થતું નુકશાન કે તેના લીધે થતો અકસ્માત તે અમો લખી આપનાર દ્વારા કરવામાં આવતું નુકશાન કે અકસ્માત નથી. તેથી તે અંગે અમો લખી આપનાર ને કે અમારા વંશ,વાલી,વારસો ની સામે કોઇપણ પ્રકાર ની ફરીયાદ કરી શકાશે નહી જેની તમો વેચાણ રાખનાર પાકી ખાત્રી આપો છે.*

સદરહું મિલકતને ધરતીકંપ, વાવાઝોડું, કોમી રમખાણો, કુદરતી આફતોથી કોઈપણ જાતનું નુકશાન થાય તો તેની તમામ જવાબદારી તમો વેચાણ લેનારની રહેશે તેમાં અમો *લખીઆપનારની* કોઈ જવાબદારી રહેશે નહિ તમો *વેચાણલેનાર* એ સદરહું મિલકતની જાળવણી તેમજ સાચવણી કરવા સારૂ ઈન્સ્યોરન્સ લેવાનો રહેશે.

સદરહું મિલકતમાં મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામ કરવામાં આવેલ છે તેથી તમો *વેચાણલેનાર* એ બાંધકામમાં કોઈ ફેરફાર કરવાનો નથી તથા સ્કીમના બહારના એલીવેશનમાં તમો *વેચાણલેનાર* એ કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો નથી.

Scanned by CamScanner

સદરહુ મિલકતના વેચાણ દસ્તાવેજ બાદ તમો વેચાણલેનાર ના નામે તમારા ખર્ચે રેવન્યુ એન્ટ્રી પડાવવા સારૂ અમો લખીઆપનારને જ્યાં જ્યાં સહીઓની જરૂરીયાત ઉભી થાય ત્યાં ત્યાં અમો લખીઆપનાર એ અમારી સહીઓ કરી આપવાની રહેશે.

અમો લખીઆપનારએ તમો વેચાણલેનારને આજરોજ સદરહુ મિલકત અંગેના તમામ લિગલ ડોક્યુમેન્ટોની ઝેરોક્ષની નકલો સોંપેલ છે.

આ વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઇપીંગ ખર્ચ તથા પરચુરણ ખર્ચ તથા અન્ય કરવેરાઓ તમો વેચાણલેનાર એ ભોગવેલ છે.

**-:પરીશીષ્ટ:-**

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ .........સબ ડિસ્ટ્રીક્ટ ............ - ( )ના તાલુકા..........ના ગામ મોજે ............ની સીમના રેવન્યુ સર્વે નંબર - ......... ની કુલ.......... ચો.મી. જમીનનો ટી.પી. સ્કીમ નંબર- ......... માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર -......... ની કુલ .........ચો.મી. ક્ષેત્રફળની બીનખેતીની જમીન ઉપર બંધાયેલ" ............" ના નામે ઓળખાતી સ્કીમના બ્લોક નંબર - ............માં આવેલ .......... ફ્લોરના ફ્લેટ નંબર-..........ની આશરે....... ચો.મી. (કારપેટ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલકત તથા તેને ફાળે આવતી વગર વહેંચાયેલ.............ચો.મી. જમીન સહિતની મિલકત જેના ખુંટચારની વિગત નીચે મુજબ છે.

પુર્વે :-

પશ્ચિમે :-

ઉત્તરે :-

દક્ષિણે :-

એ રીતેનો ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે અમારી રાજીખુશીથી, તથા અક્કલ હોંશીયારીથી, વાંચી, સમજી કોઈપણ જાતના દબાવ સિવાય લખી આપેલ છે તે અમો એકતરફવાળા વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તાઓ, સભ્યો તથા અમારા વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટરો ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આજ તારીખ.......... માહે............., સને ૨૦૧૭ના દિને.

**-:લખીઆપનાર - વેચાણ આપનાર:-**

.......................................................

એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા

ભાગીદાર:-

............................ ........................

Scanned by CamScanner

તેઓએ પોતાની સહી નીચે સહી કરનાર બે સાક્ષીઓની રૂબરૂમાં કરેલી છે.

૧.-..................................

૨.-..................................

**<u>રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ-૩૨(એ) મુજબનું પરીશીષ્ટ.</u>**

લખીઆપનાર-**<u>વેચાણ આપનારની સહી તથા ફોટો</u>**

..............................

એ નામની ભાગીદારી પેઢીના વતી અને

તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર:-

..............................

..................................

**<u>વેચાણ લેનારની સહી તથા ફોટો</u>**

..........................

Scanned by CamScanner

## -:મિલકત ની વિગત:-

ગામ મોજે ............ની સીમના રેવન્યુ સર્વે નંબર - ......... ની કુલ.......... ચો.મી. જમીનનો ટી.પી. સ્કીમ નંબર- ......... માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર - ......... ની કુલ .........ચો.મી. ક્ષેત્રફળની બીનખેતીની જમીન ઉપર બંધાયેલ" ............" ના નામે ઓળખાતી સ્કીમના બ્લોક નંબર - ............માં આવેલ .......... ફ્લોરના ફ્લેટ નંબર- ..........ની આશરે....... ચો.મી. (કારપેટ એરીયા) ના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલકત.

**વેચાણ આપનારનું નામ:-**

..............................

એ નામની ભાગીદારી પેઢીના વતી અને

તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર:-

..............................    ......................................

**વેચાણ લેનારનું નામ:-**

સહી:- ............................

દસ્તાવેજ નંબર...............                                                                 તારીખ.............

**-:પરીશીષ્ટ :-**

**નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ**

લખીઆપનાર, સંમતિ આપનાર કે તેઓના કુ.મુ. ને પુછવાના પ્રશ્નો

| અનુ. | પ્રશ્ન | જવાબ (હા કે ના) |
|---|---|---|
| ૧. | લેખમાં દર્શાવ્યા મુજબ ગામ મોજે...........ની સીમના ફા.પ્લોટ નંબર-........ની બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ સ્કીમ કે જે "..........." ના નામથી ઓળખાય છે તેમા આવેલ ફ્લેટ નંબર-...... ની મિલકતનો વેચાણ દસ્તાવેજનો લેખ કરી આપેલ છે ? | |
| ૨ | લેખમાં દર્શાવ્યા મુજબ........ ચો.મી. . (કારપેટ એરીયા)ની બાંધકામવાળી મિલકત માટે લેખ કરી આપેલ છે ? | |
| ૩. | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે. ? | |
| ૪. | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ? | |
| ૫. | પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે ? | |
| ૬. | પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યક્તિઓએ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે ? | |
| ૭. | પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે અમલમાં છે ? | |
| ૮. | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યક્તિઓ સાથે લાવ્યા છો ? | |

**ઓળખાણ આપનાર ને પુછવાના પ્રશ્નો ?**

| અનુ. | પ્રશ્ન | જવાબ (હા કે ના) |
|---|---|---|
| ૧. | દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો ? | |
| ૨ | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યક્તિઓ એકજ છે ? | |
| ૩. | કોઈ વ્યક્તિએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી તેવી તમે ખાત્રી આપો છો ? | |

*લખીઆપનાર*-**વેચાણ આપનાર:-**

.......................................

એ નામની ભાગીદારી પેઢીના વતી અને

તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર:-

..............................          ....................................

**સાક્ષીઓ** :- ૧.:-.........................          ૨.:-...................................

Scanned by CamScanner